# શેઠ શ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલી
## વાર્ષિકઅહેવાલ વર્ષ–2022-23
# Sheth shri B.C.Shah Arts College,Vadali
## Annual Report
## Year-2022-23

Principal

Dr.N.R.PATEL

Editor

*Dr.P.R.Patel*

Computer Typing & Graphics

*Assi.Prof.B.D.PATEL*

*&*

*Assi.A.P.Ratho*



શ્રી તખતસિંહ ડી.હડિયોલ
વડાલી કેળવણી મંડળના
પ્રમુખ શ્રી



શ્રી અમૃતભાઈ જી .દેસાઈ
વડાલી કેળવણી મંડળના
મંત્રી શ્રી



ડૉ.નરેશભાઈ આર.પટેલ
શેઠ શ્રી બી.સી.શાહ આર્ટસ
કૉલેજ, વડાલીના આચાર્ય શ્રી

# શ્રી વડાલી કેળવણી મંડળના સભ્યો

| ક્રમ | નામ | સ્થાન |
|---|---|---|
| 1 | શેઠ શ્રી સમીર પ્રફુલ્લચંદ્ર શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 2 | શેઠ શ્રી વિજયભાઈ પોપટલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 3 | શેઠ શ્રી સુધીરકુમાર ભુરાલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 4 | શેઠ શ્રી શિશિરભાઈ ભુરાલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 5 | શ્રી તખતસિંહ ડી. હડિયોલ | (પ્રમુખ શ્રી) |
| 6 | શ્રી કરશનભાઈ એચ. પટેલ | (ઉપપ્રમુખ શ્રી) |
| 7 | શ્રી અમરતભાઈ જી. દેસાઈ | (મંત્રી શ્રી) |
| 8 | શ્રી રાજેશકુમાર સી. મહેતા | (સહમંત્રી શ્રી ) |
| 9 | શ્રી રણછોડભાઈ એચ. પટેલ | (ખજાનચી) |
| 10 | શ્રી વસન્તભાઈ એન. સુથાર | (સભ્ય ) |
| 11 | શ્રી મોતીસિંહ આઈ. રાઠોડ | (સભ્ય ) |
| 12 | શ્રી ગિરીશભાઈ એ. બ્રહ્મભટ્ટ | (સભ્ય ) |
| 13 | શ્રી રમેશભાઈ વી. પટેલ | (સભ્ય ) |
| 14 | શ્રી હરિસિંહ બી. ભાટી | (સભ્ય ) |
| 15 | શ્રી રવીન્દ્રભાઈ એસ. બારોટ | (સભ્ય ) |
| 16 | શ્રી જયેશકુમાર જે. દોશી | (સભ્ય ) |
| 17 | શ્રી બહેચરભાઈ એ. સગર(કસન) | (સભ્ય ) |
| 18 | શ્રી રવીન્દ્રભાઈ એન. સુથાર | (સભ્ય ) |
| 19 | શ્રી શંકરભાઈ એમ. સગર(કડીયા) | (સભ્ય ) |
| 20 | શ્રી વાલજીભાઈ કે. પ્રજાપતિ | (સભ્ય ) |
| 21 | શ્રી નટવરભાઈ સી. પટેલ | (સભ્ય ) |
| 22 | શ્રી અરવિન્દકુમાર એસ. સોની | (સભ્ય ) |
| 23 | શ્રી ભરતકુમાર એમ. નાયી | (સભ્ય ) |
| 24 | શ્રી શાહરભાઈ એમ. દેસાઈ | (સભ્ય ) |
| 25 | શ્રી વીરેન્દ્રસિંહ એમ. રહેવર | (સભ્ય ) |

# શૈક્ષણિક સ્ટાફ

| | | |
|---|---|---|
| | **ગુજરાતી વિભાગ** | |
| 1 | પ્રિ.ડૉ.નરેશભાઈ આર.પટેલ | M.A.,NET,Ph.D |
| 2 | પ્રા.ડૉ.પ્રભુદાસ આર.પટેલ | M.A, Ph.D |
| 3 | પ્રા.આરતીબેન પી.રાઠોડ | M.A, NET |
| 4 | પ્રા.ભુપતભાઈ ડી.પટેલ | M.A,NET,SLET,M.PhiL |
| | **સંસ્કૃત વિભાગ** | |
| 5 | પ્રા.ડૉ.તુલસીદાસ ડી.પટેલ | M.A, Ph.D |
| 6 | પ્રા.મહેન્દ્રસિંહ સી.રહેવર | M.A,MhiL,SLET |
| | **ઇતિહાસ વિભાગ** | |
| 7 | પ્રા.ડૉ.જશરાજભાઈ જી.ચૌધરી | M.A, Ph.D |
| 8 | પ્રા.ઋષિકેશભાઈ આર.જોષી | M.A |
| 9 | પ્રા.ડૉ.દિલીપકુમાર ડી.નબિયાર | M.A,B.ed,M.phil,Ph.D |
| | **અંગ્રેજી વિભાગ** | |
| 10 | પ્રા.ડૉ.ધર્મેશભાઈ એ.મહેતા | M.A, Ph.D |
| 11 | પ્રા.દિલીપભાઈ વાઘેલા | M.A |
| | **ડિફેન્સ સ્ટડીઝ** | |
| 12 | પ્રા.ડૉ.દિવ્યાબેન એ.પટેલ | M.A,B.ed,M.phil,Ph.D |
| | **સમાજશાસ્ત્ર વિભાગ** | |
| 13 | પ્રા.ડૉ.પ્રિયંકાબેન બી.પટેલ | M.A. M.phil,P.hd |
| | **રમતગમત વિભાગ** | |
| 14 | પ્રા.ડૉ.ગાંડાભાઈ એ.દેસાઈ | M.P.E, Ph.D |
| | **ગ્રંથાલય** | |
| 15 | ડૉ.મગનભાઈ એચ.દેસાઈ | M.Lib,Ph.D |
| | **બિન શૈક્ષણિક સ્ટાફ** | |
| 1 | શ્રીવિક્રમસિંહ વી. સિસોદિયા | સીનીયર ક્લાર્ક |
| 2 | શ્રી અજુભાઈ બી. ડામોર | જુનીયર ક્લાર્ક |
| 3 | શ્રી પુંજાભાઈ બી. પટેલ | જુનીયર ક્લાર્ક |
| 4 | શ્રી કલ્પેશકુમાર જે. પટેલ | સેવક |
| 5 | શ્રીમતી રમીલાબેન બી. [illegible] | સ્વીપર |
| 6 | શ્રી શંકરભાઈ એમ. ડીંડોર | વોચમેન |

# 2022-23- STUDENT'S STRENGTH

| B.A-SEM-1 | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | MALE | | | | | | | FEMALE | | | | | | | |
| SUBJECT | GEN | BAXI | SC | ST | NT | OBC | TOTAL | GEN | BAXI | SC | ST | NT | OBC | TOTAL | GRAND TOTAL |
| ENG | 6 | 9 | 1 | 1 | 0 | 0 | 17 | 2 | 12 | 0 | 1 | 0 | 0 | 15 | 32 |
| GUJ | 4 | 48 | 10 | 2 | 0 | 0 | 64 | 7 | 26 | 21 | 3 | 0 | 0 | 57 | 121 |
| HIS | 8 | 48 | 4 | 3 | 0 | 0 | 63 | 12 | 36 | 7 | 3 | 0 | 0 | 58 | 121 |
| SANS | 0 | 6 | 2 | 0 | 0 | 0 | 8 | 0 | 3 | 1 | 0 | 0 | 0 | 4 | 12 |
| SOCIO | 4 | 10 | 5 | 3 | 0 | 0 | 22 | 3 | 12 | 6 | 1 | 0 | 0 | 22 | 44 |
| SUB TOTAL | 22 | 121 | 22 | 9 | 0 | 0 | 174 | 24 | 89 | 35 | 8 | 0 | 0 | 156 | 330 |
| B.A-SEM-3 | | | | | | | | | | | | | | | |
| | MALE | | | | | | | FEMALE | | | | | | | |
| SUBJECT | GEN | BAXI | SC | ST | NT | OBC | TOTAL | GEN | BAXI | SC | ST | NT | OBC | TOTAL | GRAND TOTAL |
| ENG | 10 | 11 | 3 | 0 | 0 | 0 | 24 | 2 | 4 | 3 | 2 | 0 | 0 | 11 | 35 |
| GUJ | 0 | 18 | 12 | 4 | 0 | 0 | 34 | 1 | 25 | 6 | 2 | 0 | 0 | 34 | 68 |
| HIS | 16 | 24 | 4 | 0 | 0 | 0 | 44 | 27 | 44 | 10 | 1 | 0 | 0 | 82 | 126 |
| SANS | 2 | 11 | 0 | 0 | 0 | 0 | 13 | 1 | 6 | 7 | 1 | 0 | 0 | 15 | 28 |
| SOCIO | 6 | 42 | 13 | 7 | 0 | 0 | 68 | 5 | 6 | 9 | 7 | 0 | 0 | 27 | 95 |
| SUB TOTAL | 34 | 106 | 32 | 11 | 0 | 0 | 183 | 36 | 85 | 35 | 13 | 0 | 0 | 169 | 352 |
| B.A-SEM-5 | | | | | | | | | | | | | | | |
| | MALE | | | | | | | FEMALE | | | | | | | |
| SUBJECT | GEN | BAXI | SC | ST | NT | OBC | TOTAL | GEN | BAXI | SC | ST | NT | OBC | TOTAL | GRAND TOTAL |
| GUJ | 15 | 27 | 12 | 5 | 0 | 0 | 59 | 1 | 8 | 11 | 2 | 0 | 0 | 22 | 81 |
| HIS | 9 | 38 | 13 | 4 | 1 | 1 | 66 | 6 | 57 | 13 | 2 | 1 | 1 | 80 | 146 |
| SUB TOTAL | 24 | 65 | 25 | 9 | 1 | 1 | 125 | 7 | 65 | 24 | 4 | 1 | 1 | 102 | 227 |
| ALL TOTAL | 80 | 292 | 79 | 29 | 1 | 1 | 482 | 67 | 239 | 94 | 25 | 1 | 1 | 427 | 909 |

## બી.એ.સેમ-૬ માર્ચ -જૂન ૨૦૨૨ ના તેજસ્વી તારલા

| SR | SEAT NO | NAME | TOTAL MARK | CLASS |
|---|---|---|---|---|
| | | **GUJARATI-B.A SEM-6** | | |
| 1 | **13787** | **BHANUSHALI VIDHI BHAVESHBHAI** | **529** | FIRST DIS |
| 2 | **13748** | **PRAJAPATI KAUSHALKUMAR SURESHBHAI** | **446** | FIRST DIS |
| 3 | **13718** | **THAKARDA BHARATBHAI MOTIBHAI** | **518** | FIRST |
| | | **HISTORY-B.A SEM-6** | | |
| 1 | **13821** | **PATEL DAINIKKUMAR BHARATBHAI** | **585** | FIRST DIS |
| 2 | **13943** | **MUNAJI SHANKARBHAI BAHECHARBHAI** | **584** | FIRST DIS |
| 3 | **13861** | **PATEL KAJALBEN RAJENDRABHAI** | **581** | FIRST DIS |
| | | **GUJARATI-M.A SEM-4** | | |
| 1 | 3445 | TARAR AJAYKUMAR MOTIBHAI | 876 | FIRST DIS |
| 2 | 3438 | PATEL MONIKASEN VISHNUBHAI | 825 | FIRST DIS |
| 3 | 3440 | PRATIKSHABEN DINESHBHAI | 775 | FIRST DIS |
| | | **HISTORY-M.A SEM-4** | | |
| 1 | 3460 | VANKAR HASUMATIBEN DINESHBHAI | 1077 | FIRST DIS |
| 2 | 3451 | DEVDA BHOOMIKAKUMARI YASHVANTSINH | 1067 | FIRST DIS |
| 3 | 3469 | PATEL JIGNASHABEN GIRISHBHAI | 1029 | FIRST DIS |



## કોલેજની શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃતિઓ

### મતદાન જાગૃતિ અભિયાન-

તારીખ 26/11/2022 ના રોજ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓએ બાઇકરેલીનું આયોજન કરેલું હતું.જેમાં વિદ્યાર્થીઓને મતદાન જાગૃતિ અંગે માહિતી આપવામાં આવી હતી.

### શિક્ષકદિનની ઉજવણી -

તારીખ ૫ મી સપ્ટેમ્બર 2022ના રોજ કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ શિક્ષક દિનમાં કોલેજના 28 જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી.કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.તુલસીભાઈ પટેલે કર્યું હતું.

### ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ દ્વારા વ્યાખ્યાન -

તારીખ 21/9/2022 ના રોજ કોલેજમાં ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ દ્વારા ઉપાધ્યક્ષ-શ્રી ગીરીશ ઠાકરે *'આપણો ઈતિહાસ-સ્વાભિમાન અને સંઘર્ષનો'* વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.તુલસીભાઈ પટેલે કર્યું હતું. આભાર દર્શન પ્રાધ્યાપક ડૉ.ધર્મેશ મહેતાએ કર્યું હતું.

## બી.એ સેમ-૧ ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ-

તારીખ 18/7/2022 ના રોજ કોલેજના બી.એ સેમ- ૧ ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજમાં ચાલતા વિવિધ વિષયો અને વિદ્યાર્થીઓને મળતી સુવિધા બાબતે વાકેફ કરવામાં આવ્યા હતા. પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ.એન .આર. પટેલે શુભેચ્છા પાઠવી હતી.

## ઈનોવેશન-ક્લબ-

તારીખ 26/ 27/ 28 /29 સપ્ટેમ્બર -2022 એમ ચાર દિવસ વિદ્યાર્થીઓના લાભાર્થી ઇનોવેશન ક્લબ હેઠળ પ્રબોધ લેવલની તાલીમ અપાઈ હતી. આ તાલીમમાં ગાંધીનગરથી ટ્રેનર તરીકે જય પટેલ હજર રહ્યા હતા. જેમણે ડ્રોન, ટેલિસ્કોપ, થ્રીડી પેન, માઈક્રોસ્કોપ જેવા અતિ-આધુનિક સાધનોની માહિતી વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ કરાવી આપી હતી.સાથે કોર્ડીનેટર પ્રા.ભૂપતભાઈ પટેલે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## હાર્ટ-ફુલનેશ રિલેક્સેશન -

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલી અને હાર્ટ ફુલનેસ રિલેક્સેશન હૈદરાબાદના સંયુક્ત ઉપક્રમે તારીખ એક –બે-ત્રણ ઓગસ્ટ 2022 ના રોજ હાર્ટ -ફુલનેશ રિલેક્સેશન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ઓને ઉપયોગી ગુણવંતભાઈ બારોટે વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.તુલસીભાઈ પટેલે કર્યું હતું.

## પ્લેસમેન્ટ સેલ -

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલી અને 'પ્લેસમેન્ટ સેલ' અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારશ્રીના બિન-અનામત આયોગ અને ઈડર સ્થિત સ્માર્ટ-ઇન્સ્ટિટ્યૂટના સહયોગથી તારીખ 27 ડિસેમ્બર ૨૦૨૨ થી 27 ૨૦૨૩ એપ્રિલ સુધી વિદ્યાર્થીઓ માટે વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

## રેમેડીયલ કોર્ષ -

બી.એ સેમેસ્ટર 1 થી 6 સુધીનાં ના વિદ્યાર્થીઓને પોતાના વિષયમાં મુંઝવતા પ્રશ્નો અને વિદ્યાર્થીઓના નબળાઈઓને દૂર કરવા માટે રેમેડીયલ કોર્ષનાં વર્ગો કોલેજના દરેક અધ્યાપકોએ સમયપત્રક મુજબ ચલાવ્યા છે .

# NAAC PEER TEAM



राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL

Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
is pleased to declare
Sheth Shree Bhuralal Chhaganlal Shah Arts College, Vadali
Tal. Vadali, Dist. Sabarkantha,
affiliated to Hemchandracharya North Gujarat University, Gujarat as
Accredited
with CGPA of 2.73 on four point scale
at B+ grade
valid up to August 29, 2027

Date : August 30, 2022

Director



राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL

Quality Profile

Date : August 30, 2022

Director

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન-[NAAC] કાઉન્સિલ,બેંગ્લોરની પિયર ટીમ તારીખ-24 અને 25 મી ઓગસ્ટ,2022 ના રોજ કોલેજનાં એસએસમેન્ટ માટે આવી હતી. આ પિયર ટીમના ચેરમેન ડૉ. રમેશકુમાર પાંડે, કુલપતિશ્રી લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ યુનિવર્સિટી, ન્યુ દિલ્હી, મેમ્બર કો-ઓર્ડીનેટર ડૉ.રાજીની નાગરાજન, પ્રોફેસર કલસિંગમ યુનિવર્સિટી, તમિલનાડુ, અને મેમ્બર પ્રિન્સિપલ, ડૉ.ચંદ્રકાંત માંડલિક, શ્રી શિવ છત્રપતિ કોલેજ, જૂન્નર, મહારાષ્ટ્ર. ઉપસ્થિત રહી કોલેજની તમામ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. કોલેજના પ્રિ. ડૉ.એન.આર. પટેલ,વડાલી કેળવણી મંડળના પ્રમુખશ્રી તખતસિંહ હડિયોલ, મંત્રીશ્રી અમૃતભાઈ દેસાઈ, નેકનાં કો.ઓર્ડીનેટર પ્રા.ડૉ. ધર્મેશ મહેતા અને સમગ્ર કોલેજ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ સાથે પિયર ટીમે સંવાદ કરી કોલેજની તમામ પ્રવૃત્તિઓનો ચિતાર મેળવ્યો હતો. પિયર ટીમે તૈયાર કરેલ રિપોર્ટ એક્ઝિટ મિટિંગમાં કોલેજના પ્રિન્સિપલને સોંપ્યો હતો. કોલેજની શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓથી પિયર ટીમે સંતોષ અનુભવ્યો હતો.

# વિષયગત-વિભાગીય પ્રવૃત્તિ

## ગુજરાતી વિભાગ



### રાષ્ટ્રીય [National] સેમીનાર યોજાયો –

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીનાં સંયુક્ત ઉપક્રમે તારીખ 20 મી ફેબ્રુઆરી, 2023 ના રોજ *'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી દીર્ઘનાટક'* વિષય પર રાષ્ટ્રીય સેમિનાર યોજાઈ ગયો હતો. શ્રી વડાલી કેળવણી મંડળના પ્રમુખશ્રી તખતસિંહ હડિયોલની અધ્યક્ષતામાં યોજાયેલ આ સેમિનારમાં ડૉ. મહેશ ચંપકલાલ,ડૉ.દીપક રાવલ,ડૉ.રાજેન્દ્ર મહેતા,ડૉ.હિતેશ ગાંધી જેવા વિદ્વાન વક્તાઓએ રસપ્રદ વ્યાખ્યાનો આપ્યા હતા. HNGU નાં બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન ડૉ.યશોધર હ.રાવલે શોધપત્રનાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.પ્રભુદાસ આર.પટેલે કર્યું હતું.તેમજ કોલેજના સ્ટાફ પરિવારે પણ જહેમત ઉઠાવી હતી. કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ.એન. આર . પટેલે મહેમાનોને શબ્દોથી આવકાર્યા હતા.

## લોકસાહિત્ય ઉપર વ્યાખ્યાન યોજાયું-

કવિશ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ અને શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ, વડાલીનાં સંયુક્ત ઉપક્રમે તારીખ 17 મી ફેબ્રુઆરી, 2023 ના રોજ *'લોકસાહિત્યનાં સંશોધક : કનુભાઈ જાની'* વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું હતું. આ વ્યાખ્યાનમાળામાં એસ.પી યુનિવર્સિટીના પ્રોફેસર પરમ પાઠકે ઉપસ્થિત રહીને બહુમૂલ્ય વ્યાખ્યાન આપ્યું હતું. જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના, મેઘાણી અકાદમીના સંયોજકશ્રી દીપકભાઈ પટેલે લોકસાહિત્ય કેન્દ્રની પ્રવૃત્તિઓનો સરસ ચિતાર આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રા.ડૉ. પ્રભુદાસ.આર પટેલે કર્યું હતું. જ્યારે કોલેજના પ્રિન્સિપલ ડો. એન. આર. પટેલે મહેમાનનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરી આવકાર્યા હતા.

## કવિશ્રી ઉમાશંકર જોશી-જન્મજયંતીની ઉજવણી-

ગુજરાતી સાહિત્ય પરિષદ,અમદાવાદ અને શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીનાં સંયુક્ત ઉપક્રમે તારીખ 21/07/2022 ના રોજ કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે HNGU ના બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન અને પીલવાઇ કોલેજનાં પ્રા. ડૉ.યશોધર હ.રાવલે ઉપસ્થિત રહી કવિ *'ઉમાશંકર જોશીની કવિતા'* વિશે મનનીય અને પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું.

## આનર્ત ગુજરાતી અધ્યાપક સંઘનું વાર્ષિક અધિવેશન-

તારીખ 11 મી' માર્ચ, 2023 ના રોજ આનર્ત ગુજરાતીનું અધ્યાપકસંઘનું વાર્ષિકઅધિવેશન શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ ,વડાલીના યજમાનપદે યોજાયું હતું. વડાલી કેળવણી મંડળના પ્રમુખશ્રી તખતસિંહ હડિયોલનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ ઉદ્ઘાટન બેઠકમાં AGAS નાં સ્થાપક વિનાયક રાવલનું સન્માન કરવામાં આવ્યું હતું. આનર્ત ગુજરાતી અધ્યાપકસંઘ સંઘના પ્રમુખ સાથે કોલેજના પ્રિન્સિપલ ડૉ.એન.આર.પટેલે પણ મહેમાનોનું અભિવાદન કરી *'ધીરુબેન પટેલની લઘુનવલોમાં માનસ શાસ્ત્રીય નિરુપણ'* વિષયપર વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકાર મોહન પરમારે પણ ઉપસ્થિત રહી *'ટૂંકી વાર્તા અને હું'* વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. સંઘના મંત્રી શ્રી ડૉ.યશોધર હ. રાવલે સંઘની પ્રવૃત્તિઓની ઝાંખી રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે કોલેજના અધ્યાપકો અને ગુજરાતી વિભાગે વિશેષ જહેમત ઉઠાવી હતી.

## ઈતિહાસ વિભાગ



શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીના ઇતિહાસ  વિષયના કુલ 15 વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કોલેજ, કડી ખાતે બે દિવસ સેમિનારમાં મોકલવામાં આવ્યા હતા.

## સંસ્કૃત વિભાગ




શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીનાં સંસ્કૃત વિભાગના ઉપક્રમે તારીખ 20 મી ફેબ્રુઆરી, 2023 ના રોજ *'સંસ્કૃત રૂપકોની પરંપરા'* વિષયપર એક દિવસીય  રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. જેમાં પાલનપુર કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપલ શ્રી ગિરીશભાઈ ઠાકર સાહેબે *'સંસ્કૃત અને ગુજરાતી નાટકોમાં સંઘર્ષ'* વિષયપર અને હિંમતનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર ડૉ.રાકેશભાઈ જોશીએ *'કાલિદાસ અને શુદ્રકના નાટકો માં પ્રારબ્ધ'* વિષયપર રોચક અને મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ સત્રમાં પ્રોફેસર ડૉ.કે.ડી પટેલનાં અધ્યક્ષ સ્થાને વિવિધ શોધપત્રોનું વાંચન થયું હતું. આ પરિસંવાદ વડાલી કેળવણી મંડળનાં પ્રમુખશ્રી તખતસિંહ હડિયોલ સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કોલેજના પ્રિન્સિપલ ડૉ.એન. આર .પટેલે મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના અધ્યાપકો અને સંસ્કૃત વિભાગે વિશેષ જવાબદારી ઉઠાવી હતી.

# રાષ્ટ્રીય પ્રવૃતિઓ – NCC-NSS-SPORTS

## NCC [National Cadet Corps]

Lieutenant B.D.Patel [SD]

Lieutenant Dr.D.A.Patel [SW]

Total Strength -SD-50

Total Strength -SW-50

- તારીખ ૭ અને ૮મી સપ્ટેમ્બર,૨૦૨૨ ના રોજ શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીના એન.સી.સીનાં વિદ્યાર્થીઓ દ્વારા જનસેવાના ઉપલક્ષ્મા અંબાજી ભાદરવી પૂનમમાં જે ભક્તો પગપાળા યાત્રાધામ જાય છે તેમને નિ:શુલ્ક સેવા અર્થે જળવિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.સી.સી.ના લેફ્ટનન્ટ ઓફિસર બી.ડી.પટેલ અને લેફ્ટનન્ટ ઓફિસર ડૉ.દિવ્યાબેને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે ઇતિહાસ વિભાગના પ્રોફેસર ડૉ. જશરાજભાઈ જી. ચૌધરી પણ આ જળવિતરણ સહભાગી બની સેવા પૂરી પાડી હતી. આ સેવાકીય કામગીરી બદલ કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ.એન.આર પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

- શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીનાં એન.સી.સીના કેડેટ્સે તારીખ 1/8/2022ના રોજ વડાલીની રામનગર સ્કૂલમાં જનજાગૃતિ માટે સમૂહ રેલીનું આયોજન કરેલ હતું, જેમાં SD-૨૨ અને SW-૨૫ કેડેટ્સે ભાગ લીધો હતો.

- શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં તારીખ 14/11/2022 ના રોજ એન.સી.સી વિભાગ દ્વારા 'ચિલ્ડ્રન્સ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એન.સી.સીના કેડેટ્સએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ વિવિધ ચિત્રો દોરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

➢ શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીમાં 21મી જૂન, 2022 ના રોજ, 'વિશ્વયોગ દિન' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના યોગાસનો કરાવી યોગના લાભો વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એન.સી.સી, વિભાગના લેફ્ટનન્ટ ઓફિસર બી.ડી પટેલ અને લેફ્ટનન્ટ ઓફિસર ડૉ. દિવ્યાબેન એ. પટેલે મહત્વની ભૂમિકા બજાવી હતી.

➢ શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીમાં વર્ષ-૨૦૨૨-૨૩ નો 26 જાન્યુઆરી - પ્રજાસત્તાક દિનની જિલ્લાકક્ષાની ઉજવણી કોલેજ ગ્રાઉન્ડમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના એન.સી.સીના SD-SW કેડેટસે પરેડ પ્લાટુન બનાવી પોલીસ સહિતની પ્લાટુન પરેડમાંમાં ભાગ લઈ કાર્યક્રમની શોભા વધારી હતી. એન.સી.સીના કેડેટ્સે તારીખ 16/1/2023 થી તારીખ 25/1/2023 સુધી પરેડની તાલીમ હિંમતનગર પોલીસ વિભાગના ગ્રાઉન્ડ પર લીધી હતી. અને 26 મી જાન્યુઆરીના રોજ પરેડનું પ્રદર્શન કર્યું હતું. એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર બી.ડી પટેલ અને લેફ્ટનન્ટ ઓફિસર ડૉ.દિવ્યાબેન એ.પટેલે વિદ્યાર્થીઓને પરેડ વિશેની ટ્રેનીગ આપી હતી. NCC પ્લાટુનને ગુજરાત સરકારના મંત્રી શ્રી ભીખુભાઈ પરમાર ,ઇડર વિધાનસભાના ધારા સભ્ય શ્રી રમણભાઈ વોરા તેમજ વડાલી કેળવણી મંડળના પ્રમુખશ્રી તખતસિંહ હડિયોલ તેમજ કોલેજના આચાર્ય ડૉ.એન.આર.પટેલે સમગ્ર NCC ટીમને અભિનંદન પાઠવ્યા હતા .

➢ તારીખ- 8/10/2022 થી તારીખ- 15/10/2022 સુધી થામણા(ડાકોર) મુકામે યોજાયેલ NCC નો સી.એ.ટી.સી દસ દિવસીય કેમ્પ યોજાયો હતો. જેમાં 21 એસડબલ્યુ કેડેટ્સે ભાગ લીધો હતો.

➢ તારીખ -3/11/2022 થી તારીખ-10/11/2022 દરમિયાન રાજેન્દ્રનગર કોલેજમાં એન.સી.સી સી.એ.ટી.સી દસ દિવસીય કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ 17 એસ ડબ્લ્યુ કેડેટ્સએ ભાગ લીધો હતો. તેમજ કોલેજના એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર ડૉ. દિવ્યાબેન પટેલે પણ કેમ્પમાં ભાગ લઈ કેમ્પ પૂર્ણ કર્યો હતો.

➢ શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીમાં તારીખ- 25/2/2023 ના રોજ GG-20 અંતર્ગત એન.સી.સી વિભાગના ઉપક્રમે 'લેક્ચર ટુ સ્પ્રેડ અવેરનેસ ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં એન.સી.સીના કેડેટ્સને GG-20 અંગેની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના પ્રોફેસર

ડૉ.જશરાજભાઈ ચૌધરી અને ડૉ.તુલસીભાઈ પટેલે G20 વિશે વિદ્યાર્થીઓને વિશેષ માહિતી આપી હતી. કાર્યક્રમમાં ક્વીઝ કોમ્પીટીશન અને ડીબેટ જેવી સ્પર્ધા યોજવામાં આવી હતી .કાર્યક્રમની સમગ્ર ભૂમિકા એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર બી.ડી.પટેલે બાંધી હતી. અંતે એન.સી.સીના ઓફિસર ડી. એ. પટેલે આભાર દર્શન કર્યું હતું.

- તારીખ-15/11/2022 થી તારીખ-22/11/2022 દરમિયાન રાજેન્દ્રનગર કોલેજમાં એન.સી.સી નો દસ દિવસીય સી.એ.ટી.સી કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ 22 એસ.ડી કેડેટ્સે ભાગ લીધો હતો. તેમજ કોલેજના એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર બી.ડી.પટેલે પણ કેમ્પમાં ભાગ લઈ કેમ્પ પૂર્ણ કર્યો હતો.
- તારીખ- 10 મી એપ્રિલ, 2023 ના રોજ કોલેજના એન.સી.સી કેડેટ્સને એન.સી.સી ટી-શર્ટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.
- તારીખ-૨૪-૨૫ ઓગસ્ટ,૨૦૨૨ દરમિયાન "NAAC PEER TEAM" 2022-23 માં આવેલ હતી . તે સમયે કોલેજના એન.સી.સીના કેડેસે સ્વાગતના ભાગ રૂપે પ્લાટુન બનાવી મેહમાનોને ગાર્ડ ઓફ ઓનર આપી સાથે પરેડ પાઈલોટીગ કરી મહેમાનોને આવકાર્યા હતા. આ માટે કેડેટ્સને શિસ્તબદ્ધ તાલીમ કોલેજના એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર બી.ડી.પટેલ અને એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર ડૉ.દિવ્યાબેન એ.પટેલે આપી હતી.
- તારીખ-૨૦/૦૪/૨૦૨૩ ના રોજ ૩૪-ગુજરાત એન.સી.સી બટાલિયન,હિંમતનગર ના વડા કર્નલ સંજીવ કુમાર અને એડમ ઓફિસર કર્નલ અજયકુમાર હાજર રહ્યા હતા .જેમણે એન.સી.સી ના કેડેસને મોટીવેટ સ્પીચ આપી હતી. આ પ્રસંગે કોલેજના પ્રિ.ડૉ.એન .આર.પટેલે પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. કોલેજના એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર બી.ડી.પટેલ અને એન.સી.સી લેફ્ટનન્ટ ઓફિસર ડૉ.દિવ્યાબેન એ.પટેલે પણ મહત્વની ભૂમિકા અદા કરી કોલેજમાં ચાલતી એન.સી.સી ની પ્રવૃત્તિ વિશે વાકેફ કર્યા હતા.
- તારીખ- ૧૭/૦૪/૨૦૨૩ ના રોજ "કોમિક ઓન મીલેટસ" વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું . જેમાં એન.સી.સીના કેડેટ્સ વિવિધ પ્રકારના ચિત્રોનું પ્રદર્શન કર્યું હતું.

# NSS

Progrrame officer
A.P.Rathod

Progrrame officer
Dr.S.D.Tabiyar

Total Unit-2 (Strength – 200)

- તારીખ ૨૪-૨૫ ઓગસ્ટ,૨૦૨૨ દરમિયાન 'NAAC PEER TEAM' આવવાની હોઈ જેના ભાગ રૂપે એન.એસ.એસનાં ૨૫ સ્વયંસેવકોએ સંસ્થામાં સેવાકામગીરી બજાવેલ.
- તારીખ ૭ અને ૮મી સપ્ટેમ્બર,૨૦૨૨ ના રોજ શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીના NSS નાં વિદ્યાર્થીઓ દ્વારા જનસેવાના ઉપલક્ષ્મા અંબાજી ભાદરવી પૂનમમાં જે ભક્તો પગપાળા યાત્રાધામ જાય છે તેમને નિ:શુલ્ક સેવા અર્થે જળવિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ.શૈલેશ ડી.તબીયાર અને પ્રોગ્રામ ઓફિસર આરતીબેન પી.રાઠોડે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે ઈતિહાસ વિભાગના પ્રોફેસર ડૉ. જશરાજભાઈ જી. ચૌધરી પણ આ જળવિતરણ સહભાગી બની સેવા પૂરી પાડી હતી. આ સેવાકીય કામગીરી બદલ કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ.એન.આર પટેલે અભિનંદન પાઠવ્યા હતા.
- તારીખ ૧૪/૯/૨૦૨૨ નાં રોજ એન.એસ.એસના સ્વયંસેવકોએ અખિલ હિન્દ -ધ્વજ દિન-૨૦૨૨ નાં ફાળામાં ૨૫૨૦/ફંડ ઉઘરાવી રાષ્ટ્રીય અંધજન મંડળ , સાબરકાંઠા જીલ્લાશાખા,ઇડરને સોપ્યા હતા.
- અખિલવિશ્વ ગાયત્રી પરિવાર 'ગાયત્રી તીર્થ શાંતિકુંજ, હરિદ્વાર' દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા તા-૧૭/૯/૨૦૨૨ ના રોજ લેવામાં આવી જેમાં ૪૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા .
- શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ, વડાલીનાં એન.એસ.એસ. વિભાગવતી ઉચ્ચ શિક્ષણકમિશ્નર કચેરીનાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા આયોજિત 'climate change youth outreach forntnight program' અંતર્ગત આબોહવા પરિવર્તન, કુદરતી ખેતી, અને હવા પ્રદુષણ વિષય અનુસંધાને નિબંધ-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૩ વિદ્યાર્થીઓ અને ૧૪ વિદ્યાર્થીનીઓ એમ ૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો .જેમાં પ્રથમ ક્રમાંક પરમાર રિદ્ધિ , દ્વિતીય ક્રમાંક વણઝારા

મનોજ એસ.અને તૃતીય ક્રમકિ પરમાર દીપકુમાર જે. આવ્યા હતા.નિર્ણાયક તરીકે ડૉ.ડી.એ.પટેલ અને ડૉ. પી.એસ.પટેલ તથા કો-ઓર્ડીનેટર ડૉ.એસ.એલ.તબિયાર દ્વારા નિબંધસ્પર્ધાનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું.

- શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીનાં એન.એસ.એસ. વિભાગવતી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા આયોજિત 'climate change youth outreach forntnight program' અંતર્ગત વકતૃત્વસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં ૪ વિદ્યાર્થીનીઓ અને ૧૦ વિદ્યાર્થીઓ એમ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો .જેમાં પ્રથમ ક્રમકિ જોશી પૂજા આર., દ્વિતીય ક્રમકિ ચૌધરી ઋત્વિક ડી..અને તૃતીય ક્રમકિ પટેલ ધાર્મિક એ. આવ્યા હતા.નિર્ણાયક તરીકે ડૉ.ટી.ડી.પટેલ અને ડૉ. એસ.એલ.તબિયાર તથા કો-ઓર્ડીનેટર આરતી રાઠોડ  દ્વારા વકતૃત્વસ્પર્ધાનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું.
- શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીનાં એન.એસ.એસ. વિભાગ વતી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા આયોજિત 'climate change youth outreach forntnight program' અંતર્ગત ઇનોવેશન આઇડિયાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં 34 વિદ્યાર્થીઓ અને 75 વિદ્યાર્થીનીઓ એમ 109 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો .જેમાં પ્રથમ ક્રમકિ હડીયોલ પૂજાબા જે, દ્વિતીય ક્રમકિ જોશી પૂજા આર, અને તૃતીય ક્રમકિ પટેલ પરિક્ષીત વી. આવ્યા હતા. કો-ઓર્ડીનેટર ડૉ.એસ.ડી.તબિયાર દ્વારા ઇનોવેશન આઇડિયા નું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું.
- શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીનાં એન.એસ.એસ. વિભાગ વતી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા આયોજિત 'climate change youth outreach forntnight program' અંતર્ગત સ્લોગનસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં ૩ વિદ્યાર્થીઓ અને ૫ વિદ્યાર્થીનીઓ એમ ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો .જેમાં પ્રથમ ક્રમકિ વણઝારા મનોજ એસ , દ્વિતીય ક્રમકિ  પગી મહેશ વી.અને તૃતીય ક્રમકિ બારોટ ભૂમિકા એસ. આવ્યા હતા.નિર્ણાયક તરીકે પ્રા.બી.ડી.પટેલ અને ડૉ. પી.આર.પટેલ તથા કો-ઓર્ડીનેટર આરતી રાઠોડ  દ્વારા સ્લોગન સ્પર્ધાનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું.

➤ શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ, વડાલીનાં એન.એસ.એસ. વિભાગ વતી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા આયોજિત 'climate change youth outreach forntnight program' અંતર્ગત 'પર્યાવરણ જાગૃતિની જરૂરીયાત – આજના સંદર્ભે' વિષય પર ગ્રુપ ચર્ચા કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓના અલગ અલગ A,B,C,D એવા ચાર ગ્રુપો બનાવવામાં આવ્યા હતા પ્રત્યેક ગ્રુપમાં ૩-૩ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ગ્રુપ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં ૬ વિદ્યાર્થીઓ અને ૬ વિદ્યાર્થીનીઓ એમ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો . જેમાં A ગ્રુપના વિદ્યાર્થીઓ પૂજા આર.જોષી, ધેનું પી. નાયી અને ઋત્વિક ડી. ચૌધરી પ્રથમ ક્રમે આવ્યા હતા.કોલેજના આચાર્યશ્રી ડૉ.એન.આર.આર પટેલેઆ કાર્યક્રમનું આયોજન કરવા બદલ કો-ઓર્ડીનેટર શ્રી.બી.ડી.પટેલને તથા વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં જોડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

➤ તારીખ-૧૬/૧૧/૨૦૨૨ ના રોજ મતદાન જાગૃતિ અંગે પ્રતિજ્ઞાવાંચન કાર્યક્રમ યોજાયો હતો.

➤ તારીખ -૧૦/૧/૨૦૨૩ થી ૧૨/૧/૨૦૨૩ દરમિયાન ત્રિ-દિવસીય યુનિવર્સીટી કક્ષાની 'વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી આયોજન શિબિર' એમ.એમ.ચૌધરી આર્ટસ કોલેજ, રાજેન્દ્રનગરમાં યોજાઈ ગઈ જેમાં એન.એસ.એસના બે સ્વયમસેવકો પરિક્ષિત પટેલ અને સચિન પ્રજાપતિ જોડાયા હતા.

➤ તારીખ ૧૬/૧/૨૦૨૩ ના રોજ રેડ રીબીન ક્લબ પ્રોગ્રામ - gujarat state adis control society – નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ ઇડર દ્વારા 'એઇડ્સ જાગૃતિ' વિષે વકતૃત્વસ્પર્ધા યોજાઈ ગઈ જેમાં ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.જેમાં પ્રથમ ક્રમે સગર મનીષા રમેશભાઈ દ્વિતીય ક્રમે રુચિકા સગર અને તૃતીય ક્રમે આનંદ સગર આવેલ હતા.

➤ HNGU પાટણ દ્વારા આયોજિત વિદ્યાર્થી કલ્યાણ સમિતિ તા.૨૯ થી ૩૧/૧૨/૨૦૨૨ દરમિયાન યોજાયેલ ત્રિ- દિવસીય યોગાસન તાલીમ શિબિરમાં ત્રણ સ્વયંસેવકો આનંદ સગર, હાર્દિક સગર,ભાવિક સગર ત્રણ સ્વયંસેવકો જોડાયા હતા .

➤ શ્રી એન.એસ.પટેલ લૉ કોલેજ,મોડાસામાં તા.૫/૧/૨૦૨૩ થી તા.૭/૧/૨૦૨૩ દરમિયાન યુની.કક્ષાની યુવા નેતૃત્વશિબિરમાં પરમાર સુમિત ઈશ્વરભાઈ, વણકર ચેતન લક્ષ્મણભાઈ બે વિદ્યાથીઓએ ભાગ લીધેલ છે.

➤ તારીખ -૧૧/૧/૨૦૨૩ ના રોજ કોલેજ બગીચા સાફ સફાઈ પ્રોગ્રામ કરાવ્યું હતું.

- 'સ્વચ્છતા અભિયાન-જનજાગૃતિ વાર્ષિક શિબિર' અંગે વાડોઠ ગામે તારીખ-૧૩/૨/૨૦૨૩ થી ૧૯/૨/ ૨૦૨૩ દરમિયાન એન.એસ.એસ.નીવાર્ષિક શિબિર યોજાઈ હતી. જેમાં ૧૩/૨/૨૦૨૩-વાડોઠ ગામમાં આગમન,ગ્રામ પરિચય કાર્ય વહેચણી અને ઉદ્દ્ઘાટન કાર્યક્રમની પૂર્વ તૈયારી કરી હતી. ૧૪/૨/૨૦૨૩ પ્રભાતફેરી ,યોગાસન અને ઉદઘાટન સમારોહ કરી તા- ૧૫/૨/૨૦૨૩ ના રોજ સ્વચ્છતા અભિયાન, ૧.ચશ્માં શિબિર ૨. ડૉએમ.એચ.દેસાઈ દ્વારા માર્ગ સલામતી અંગે વ્યાખ્યાન ૩. સ્વચ્છતા અભિયાન અંતર્ગત શેરીનાટક વગેરેનું આયોજન કરેલ હતું.

તા- ૧૬/૨/૨૦૨૩ ના રોજ સ્વચ્છતા અભિયાન ,માધ્યમિક શાળાના બાળકોને સ્વચ્છતા રાખવા અંગે માહિતી આપવી અને પ્રતિજ્ઞા વાચન કરાવવું ૧.પોષણ પખવાડિયા અંતર્ગત વાડોઠ પ્રાથમિક શાળાના બાળકો માટે સમૂહ ભોજનનું આયોજન, ૨. સાબરકાંઠા જીલ્લા બાળસુરક્ષા અધિકારીશ્રી ડૉ.મુકેશભાઈ સોલંકી દ્વારા બાળકોના અધિકારો, કાયદાઓ અને યોજનાઓની સમજ વિષય પર વ્યાખ્યાન,૩. રાવલબેન દ્વારા આરોગ્યલક્ષી વ્યાખ્યાન,૪. યોગા ટ્રેનર શ્રી શૈલેશભાઈ ચામર અને વાડોઠ ગામ યોગા ટ્રેનર કુ.રૂપલ વાઘડીયા દ્વારા બે દિવસીય યોગ ટ્રેનીંગ સ્વયંસેવકો સાથે સામાજિકતા કેળવવાના હેતુથી સમૂહ રસ ગરબા નું આયોજન કરેલ હતું.

તા-૧૭/૨/૨૦૨૩ ના રોજ આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત પાચ પ્રકલ્પ ને ધ્યાનમાં લઈને પાણીની પરબ, મંદિર, ચોગાન, ડેરી, પંચાયત વગેરે જેવા જાહેર સ્થળોએસ્વચ્છતા અભિયાન , સ્વચ્છતા અભિયાન રેલી , યોગા ટ્રેનર શ્રી શૈલેશભાઈ ચામર અને વાડોઠ ગામયોગા ટ્રેનર કુ.રૂપલ વાઘડીયા દ્વારા બે દિવસીય યોગ ટ્રેનીંગ, હિંમતનગર સાગર એકેડમી નાટ્યકારોનથા એન.એસ.એસનાં સ્વયંસેવકોને સાથે લઈને મંદિરના ચોગાનમાં શેરીનાટક વગેરે કાર્ય કરવામાં આવ્યું હતું. તા- ૧૮/૨/૨૦૨૩ ના રોજ પ્રભાતફેરી,૨.યોગાસન અને ૩.સ્વચ્છતા અભિયાન, પાચ પ્રકલ્પ ને ધ્યાનમાં લઇને ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

તા - ૧૯/૨/૨૦૨૩ સમાપન સમારોહ યોજી , ગ્રામ મુલાકાત, અને વડાલી તરફ પ્રસ્થાન કરી શિબિર પૂર્ણ કરવામાં આવી હતી.

# SPORTS

**Dr.G.A.DESAI**
**[SPORTS]**



- શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં 21મી જૂન, 2022 ના રોજ, 'વિશ્વયોગદિન' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના યોગાસનો કરાવી યોગના લાભો વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રા.બી.ડી પટેલ અને પ્રા.ડૉ.દિવ્યાબેન પટેલ તેમજ પ્રા.આરતીબેન રાઠોડતે મજ સ્પોર્ટ્સ વિભાગના અધ્યાપક પ્રા.ડૉ.જી.એ દેસાઈએ  મહત્વની ફરજ નિભાવી હતી.

- વર્ષ-૨૦૨૧-૨૨ દરમ્યાન કોલેજના રમતગમત વિભાગ દ્વારા  HNGU  ની આંતર કોલેજની વિવિધ સ્પર્ધાઓમાંથી જેવી કે કબડ્ડી ,ખો-ખો  અને એથ્લેટિક વગેરે સ્પર્ધાઓમાં કોલેજની ટીમોએ ભાગ લઇ સુંદર દેખાવ કરી કબડ્ડી સ્પર્ધામાં પટેલ હિતેનકુમાર બી.(રીઝર્વ), ખો-ખો સ્પર્ધામાં ઝાલા દશરથસિંહ બી, તરાલ વિશાલકુમાર વી.(રીઝર્વ) વગેરે ખેલાડીઓ યુનિવર્સીટી ટીમમાં પસંદગી પામ્યા હતા.જયારે એથ્લેટિકસ સ્પર્ધામાં કોલેજની વિધાર્થીની કુ.કોદરવી દેવિકાબેન એસ. એ સુંદર પ્રદર્શન કરી સમગ્ર યુનિવર્સીટીમાં ૧૦૦મી. અને ૪૦૦મી.દોડ સ્પર્ધામાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અને યુનિવર્સીટી ટીમમાં રીઝર્વ ખેલાડી તરીકે પસંદગી પામી હતી. તથા ૪૦૦મી. રીલે દોડ સ્પર્ધામાં કોલેજની બહેનોની ટીમ ચોથા સ્થાને રહી હતી.

➢ ભારત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા યોગ,આહાર અને આયુર્વેદ વિશેના જાગૃતિ અભિયાન અંતર્ગત શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીના રમતગમત વિભાગ અને IQAC સેલ દ્વારા કોલેજના તમામ કર્મચારીઓ આ બાબતે જાગૃત થાય તે માટે તારીખ 24/1/2023 થી તારીખ 3/02/2023 એમ કુલ 10 દિવસ દરમિયાન યોગ અને આયુર્વેદ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં હળવી કસરતો,યોગાસન પ્રાણાયામ સૂર્ય નમસ્કાર અને ઓમકાર મંત્ર વગેરેનું પ્રેક્ટીકલ નિદર્શન કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ તેનાથી થતા ફાયદાઓ,પૌષ્ટિક આહાર અને આયુર્વેદનું જીવનમાં મહત્વ વિશે વ્યાખ્યાનો દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આહાર તથા આયુર્વેદ તજજ્ઞ તરીકે શ્રી નીતિન ગુર્જર અને યોગ શિક્ષક તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી નરેન્દ્રસિંહ ભાટી, કુમારી રૂપલબેન વાગડિયા અને કુમારી હર્ષિદા ભુંગળ વગેરે સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં કોલેજના પ્રિ.ડૉ.એન.આર પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.જી.એ.દેસાઈ અને પ્રા.ડૉ.ડી.એ મહેતાએ જવાબદારી નિભાવી હતી.

➢ શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીના રમતગમત વિભાગ દ્વારા તારીખ 9/11/2022 થી તારીખ 18/11/2022 એમ કુલ દસ દિવસ દરમિયાન યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં હળવી કસરતો,યોગાસન, પ્રાણાયામ,સૂર્ય નમસ્કાર અને ઓમકાર મંત્ર વગેરેનું નિદર્શન અને પ્રેક્ટિસ કરવામાં આવી હતી. જેમાં કોલેજના નવ ભાઈઓ અને આઠ બહેનો મળીને કુલ 17 વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં યોગ શિક્ષક તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી નરેન્દ્ર સિંહ ભાટી, કુમારી રૂપલબેન વાગડિયા અને કુમારી હર્ષિદા ભુંગળ વગેરેએ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં કોલેજના પ્રિ.ડૉ.એન.આર.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.જી.એ દેસાઈ અને રમતગમત સમિતિના સભ્યોએ જવાબદારી નિભાવી હતી.

➢ 36 મી, નેશનલ ગેમ્સ જાગૃતિ અભિયાન કાર્યક્રમ શેઠશ્રી બી.સી. શાહ આર્ટસ કોલેજ ,વડાલી ખાતે યોજાઈ ગયો હતો. આ એક્ટીવેશન કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી વિશાલ બી.વાઘેલા ઉપસ્થિત રહી પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. શ્રી વડાલી કેળવણી મંડળના પ્રમુખશ્રી તખતસિંહ હડિયોલ, નાયબ મામલતદાર ભાઈ તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહી ખેલાડીઓને બિરદાવ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે દોરડા ખેંચ, લીંબુ ચમચી, કબડ્ડી અને ખોખો જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.ડી.એ.મહેતા અને પ્રા.ડૉ.જી,એ. દેસાઈ. દ્વારા કરવામાં આવ્યું હતું.

# CWDC

**Dr.Divyaben.A.Patel**

**Aartiben.P.Rathod**

**Dr.Priynkaben.B.patel**

Women's Cell

- શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીમાં CWDC અંતર્ગત તારીખ-૩૦/1/૨૦૨૩ થી ૧૬/૨/૨૦૨૩ દરમિયાન 'બેઝીક મહેંદી સર્ટિફિકેટ કોર્ષ'નું આયોજન કરવામાં આવ્યું હતુ . જેમાં ૨૭ બહેનોએ એ ભાગ લીધો હતો.ભાગ લીધેલ બહેનોને 15 દિવસની બેઝીક તાલીમ ખુશી બ્યુટીપાર્લરમાંથી ઉપસ્થિત કુ.કશકબેન પટેલ દ્વારા આપવામાં આવી હતી. તાલીમ બાદ તા.૧૭/૨/૨૦૨૩ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૩ બહેનોએ ભાગ લીધો. કોલેજના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફની હાજરીમાં આર. આર.જોશી તથા ભાવિકા બેન ચૌધરીએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. પ્રથમ ક્રમે હિરલબેન હાડા , દ્વિતીય ક્રમે આસ્મીના સિપાઈ તથા તૃતિય ક્રમે નાથી આસ્થા આવ્યા હતા. તાલીમ લેનાર બધીજ બહેનોને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા.ડૉ. દિવ્યા બેન પટેલ તથા પ્રા.ડૉ.પ્રિયંકા બેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.કોલેજના આચાર્યશ્રી એ ભાગ લેનાર બહેનોને અને આયોજકોને અભિનંદન આપ્યા હતા.
- શેઠશ્રી બી.સી.શાહ કોલેજ,વડાલીમાં CWDC અંતર્ગત "રાખી મેકિંગ તાલીમ અને સ્પર્ધાનું" આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાખી મેકિંગમાં ભાગ લીધેલ બહેનોને ત્રણ દિવસીય તાલીમ આપ્યા બાદ તારીખ 10/ 8/ 2022 ના રોજ રાખી મેકિંગ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૧૮ બહેનોએ એ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફની હાજરીમાં પ્રા.ડૉ.પી.આર પટેલ તથા પ્રા.ડૉ.ટી.ડી.પટેલે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. પ્રથમ ક્રમે વિજેતા પટેલ, દ્વિતીય ક્રમે પ્રિયાબેન પટેલ તથા તૃતિય ક્રમે ધર્મિષ્ઠા પટેલ આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા.ડૉ. દિવ્યાબેન પટેલ, પ્રા.આરતીબેન રાઠોડ તથા પ્રા.ડૉ.પ્રિયંકાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.કોલેજના આચાર્યશ્રી એ ભાગ લેનાર બહેનોને અને આયોજકોને અભિનંદન આપ્યા હતા.
- શેઠશ્રી બી.સી.આર્ટ્સ કોલેજ,વડાલીમાં તા.૨૦/૨/૨૦૨૩થીતા.૨૫/૨/૨૦૨૩ સુધી C.W.D.C (women cell ) અંતર્ગત ALL GUJARAT WOMENS ORGANIZATION " SHAKTIMANCH" અમદાવાદ દ્વારા ' બ્યુટીકિર એડમ કોર્ષ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ સંસ્થામાંથી ઉપસ્થિત શ્રી કૌશિક તન્નાએ 'બ્યુટીકિર' અંગે થીયરી તથા સુષ્માબેન પાટીલે પ્રેકટીકલ સાથે વિદ્યાર્થીનીઓને 5 દિવસ ઉત્તમ તાલીમ આપી હતી.આ એડમકોર્ષમાં કોલેજની 38 વિદ્યાર્થીનીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી.આ કોર્ષને અંતે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતું. બહેનો માટે સ્વનિર્ભર થવા માટેની આ એક સરાહનીય કામગીરી કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ.એન.આર.પટેલ કોલેજમાં યોજાયેલ વર્કશોપ બાબતે સહભાગી દરેક વિદ્યાર્થીનીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સાંસ્કૃતિક–સમિતી

***Dr.J.G.Chaudhary***

***B.D.Patel***

